Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ · અંક : ૪૯ · તા. ૩૦ નવેમ્બર થી ૦૬ ડિસેમ્બર ૧૩ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિએ શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધી પક્ષ) શ્વેતાંબર જૈન સંઘના પ્રમુખ પદે શ્રી શામજી નરશી દંડની સર્વાનુમતે વરણી કરી તે નિર્ણયને ગચ્છના અન્ય ફિરકાઓએ ઉમંગથી વધાવ્યો.



અચલગચ્છના આગેવાનો : ડાબેથી: શ્રી. ભરત શાહ (મંત્રી), શ્રી. કલ્પેશ મોતા (મંત્રી), શ્રી. વિરાટ શાહ (નિવૃત્ત તથા પ્રમુખ), શ્રી. શામજી દંડ (નવા પ્રમુખ), શ્રી. ધીરજ શાહ (ઉપ પ્રમુખ - ગુર્જર સમાજ), શ્રી. તલકશી ગાલા (ઉપ પ્રમુખ - વિસા સમાજ), શ્રી. કેશવજી ગડા, શ્રી. શાંતિલાલ



અચલગચ્છમાં ક.દ.ઓ. નું પ્રતિનિધિત્વ કરનારા શ્રી કલ્પેશ મોતા (મંત્રી), શ્રી શામજી દંડ (પ્રમુખ)

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વતી શ્રી અચલગચ્છ જૈન સંઘનું પ્રમુખપદ શોભાવનારા મહાનુભાવો



શ્રી નારાણજી શામજી મોમાયા



શ્રી ટોકરશી આણંદજી લાલકા



શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના




શ્રી શામજી નરશી દંડ

## જ્ઞાતિના વિદ્વાન શ્રી વીરચંદ કલ્યાણજી ધરમશીને પુરાતત્વ વિદ્યાના ભારતીય આદિ પુરુષ ભગવાન લાલ ઈન્દ્રજી વિશેના પુસ્તક માટે એશિયાટીક સોસાયટીનો પ્રતિષ્ઠિત સિલ્વર મેડલ સોસાયટીના પુર્વ પ્રેસેડન્ટ શ્રી અરુણ ટીકિકરના હસ્તે પ્રદાન









શ્રી વીરચંદ કલ્યાણજી ધરમશીના જન્મભૂમિની મુંભઈજી ગાલ કોલમમાં શ્રી કનૈયાલાલ જોશીએ આપેલા વિસસ્તૃત પરિચય માટે જુઓ પાનું ૯

# સુશ્રાવક શ્રી શામજી નરશી દંડને સર્વાનુમતે શ્રી અખિલભારત અચલગચ્છ (વિધીપક્ષ) શ્વેતાંબર જૈન સંઘનું સુકાની પદ પ્રાપ્ત થયું એ ધન્યતાની પળ ઈતિહાસમાં ચિરંજીવ રહે.

## વિવિધ ફીરકાઓના અગ્રણીઓ સાથે પ્રમુખ શ્રી શામજીભાઈ અને મંત્રી શ્રી કલ્પેશભાઈ



**ડાબેથી:** શ્રી. ભરત નાનાલાલ શાહ (મંત્રી),
શ્રી. કલ્પેશ માણેકજી મોતા (મંત્રી),
શ્રી. વિરાટ સેવંતીલાલ શાહ (નિવૃત્ત તથા પ્રમુખ),
શ્રી. શામજી નરશી દંડ (નવા પ્રમુખ),
શ્રી. ધીરજ મણીલાલ શાહ (ઉપ પ્રમુખ - ગુર્જર સમાજ),
શ્રી. તલકશીભાઈ ગાલા (ઉપ પ્રમુખ - વિસા સમાજ),
શ્રી. કેશવજી માણેક ગડા, ફોર્ટ વિસ્તારના આગેવાન,
શ્રી. શાંતિલાલ ફુરીયા વૈયાવચ્છ કમિટીના કન્વીઅર

પ્રમુખ પદ સ્વીકાર્યા બાદ અચલગચ્છના બધા ફીરકાઓને સાથે લઈને ચાલવાની ઘોષણા કરતા શામજી ભાઈ



અભિનંદન આપી મોઢું મિઠું કરાવતા સુપુત્ર સમીર અને રાજસ્થાન મારવાડી સમાજના અગ્રણીઓ





શ્રી નેમ સોની, શ્રી ભાવિન સોની, શ્રી રાયચંદ નરશી દંડ તથા પરિવાર સાથે શ્રી શામજીભાઈ



માત્ર વેવાઈ નહીં
ફ્રેંડ, ફીલોસોફર, ગાઈડએવા
શ્રી જયંત સોની સાથે શ્રી શામજીભાઈ


## શુભેચ્છકો :

## મહાવીર શીપિંગ એજન્સી
## મુલજી દામજી એન્ડ કંપની પ્રા.લિ.
## એસ.એસ. ટ્રાન્સલોજેસ્ટીકસ
## તેમજ
## કર્મચારી ગણ




શ્રી જયંત સોની, ભુતપુર્વ મુંબઈ મહાજન પ્રમુખ હિરાચંદ પટેલ, ઉત્તમ દંડ, રાયચંદ દંડ, લહેરીન ખોના તથા અન્ય સાથે શામજીભાઈ

સિધ્ધિ માટે અભિનંદન !! સફળ ધર્મ-કારકિર્દીની શુભકામના

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના નવા સુકાની

| પ્રમુખ | મંત્રી |
| --- | --- |
|  |  |
| **શ્રી શામજી નરશી દંડ**<br>**(સાંધવ - મુલુંડ)** | **શ્રી કલ્પેશ માણેકજી મોતા**<br>**(રાપર ગઢવારી - મુલુંડ)** |





અચલગચ્છ જૈન સંઘની મૂક સેવા કરતા અમારા સહયોગી શ્રી શામજીભાઈ નરશી દંડની શાસન ભક્તિને ભવોભવના પુણ્યોદયે ગચ્છ પ્રમુખ પદરૂપી ફળ પ્રાપ્ત થયું અને તે પણ શ્રી કલ્પેશ માણેકજી મોતા જેવા ધર્માનુરાગી મંત્રીના સહયોગ સાથે, એ અમારે માટે અને શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ માટે પણ ધન્યતાની પરાકાષ્ઠા છે.


ગચ્છનું આ સર્વોચ્ચ પદ, એમને બિન-હરીફ પ્રાપ્ત થયું તેનાથી સોનામાં સુગંધ ભળી છે. આણી પાછળ શામજીભાઈ અને કલ્પેશભાઈના પુણ્ય તેમજ શાસનદેવની કૃપા અને ગુરુ ભગવંતોના આશીર્વાદ છે.

મેં શામજીભાઈને ચીંચબંદરમાં એક વેપારી પેઢીમાં અમારી સાથેજ ખભાથી ખભા મીલાવી અદના સેવક તરીકે કારકિર્દી શરૂ કરતાં જોયા છે અને આજે એ પરમ મિત્રને ચીંચબંદરમાં જ જેની ઓફિસ છે એવા અચલગચ્છના સુકાની તરીકે જોઉં છું, એ મારા માટે પણ ગદગદ કરી દે, તેવો સુખદ યોગાનુયોગ છે. વધુમા એ અભિવાદન પણ ચીંચબંદરમાં જ થયું.

શાસન દેવની કૃપા અને ગુરુભગવંતોના આશીર્વાદથી શ્રી શામજીભાઈ, તેમણે વરણી થઈ કેતરત ઘોષણા કરી તે પ્રમાણે ગચ્છના બધા ફિરકાઓને સાથે રાખી જિન શાસનના શ્રેષ્ઠ કાર્યો કરીને અચલગચ્છને ઊંચેને ઊંચે લઈ જાય એવી અંતરની અભ્યર્થના.

- વિનોદ વિરચંદ ડાઘા (વરાડીયા - મુંલુડ)


SHAMJI N. DAND
98212 27778
93232 27778
GEETA VINOD DAGHA 9821638567
PRITI SHAMJI DAND 9821227774

પૂ. પિતાશ્રી

વીરચંદ પદમશી ડાઘા
(વરાડીયા)

અંતરના આશીર્વાદ
VINOD V. DAGA
9821638566

પૂ. માતુશ્રી

ભાગ્યવંતી વીરચંદ ડાઘા
(વરાડીયા)

SAMEER S. DAND
98191 93743
DIMPLE SAMEER DAND

MAHAVIR SHIPPING AGENCY
CLEARING, FORWARDING & SHIPPING AGENT
E-mail : mahavir911shipping@gmail.com

MULJI DAMJI & CO. PVT. LTD.
CLEARING FORWARDING & SHIPPING AGENTS
(C. H. A. No. 11/376)
E-mail : mahavir_shipping911@yahoo.co.in

S. S. TRANSLOGISTICS
total transportations and logistics solution...
E-mail : sstranslog@gmail.com

53 55, 1st Floor, Dhanraj Niwas, Mody Street, Fort, Mumbai - 400 001. Tel.: 2261 9156, 2261 7467, 4002 3743, 2262 1212 Fax : 2262 5635, 2261 6666

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘને સાંપડ્યું નવલું નેતૃત્વ

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના પ્રમુખ પદ પર આપની વરણી થયા બદલ

## હાર્દિક અભિનંદન....



### સુશ્રાવક શ્રી શામજી નરશી દંડ

(સાંધવ-મુલુન્ડ)

ગુરૂ ભગવંતોના શુભાષિશ સાથે પુરુષાર્થ અને અનુભવની આંખ વડે નાનપણમાં જ જીવનનું ઊંચું લક્ષ રાખી, ભરી છે ઊંચી ઉડાન. સૂરજની ઝળકળા અને હોઠોં પર સંસ્કારની મધુર મુસ્કાન. આપનો અવિચળ આત્મવિશ્વાસ બેજોડ છે. આપે બુદ્ધી, ખંત અને પરીશ્રમથી મેળવી છે જે સફળતા તે સાથે સદા ઉજ્જવળ રહે  અચલગચ્છનું ભવિષ્ય. સફળતા સદાય ચમકે આપના મસ્તકે, અમ દિલના અરમાન અને મસ્તક જ્ઞાતિનું ગૌરવથી રહે ઉંચું જયારે લે કોઇ આપનું નામ.

**આપના શુભેચ્છકો**

| | | |
|---|---|---|
| જયંતભાઇ ભવાનજી સોની | ચાંપશીભાઇ માણેકજી લોડાયા | કિશોરભાઇ કાયાણી |
| પદમભાઇ એલ. સોની | ગોવિંદજી લાલજી પટેલ | ભદ્રીકાંત એમ. લોડાયા |
| જયભાઇ વિરચંદ સોની | પદમ મોતા | લાબેન્દ્ર ગોર |
| તરુણભાઇ ધનજી ધરમશી | જયંતભાઇ છેડા | સોમચંદભાઇ લોડાયા (માઓમ) |
| વિનોદભાઇ રાયચંદ ધુલ્લા | શરદ જી. નાગડા | નિરંજનભાઇ કેશવજી મોમાયા |
| હરિશભાઇ ડાઘા | ટોકરશીભાઇ નરશી લોડાયા | પ્રેમચંદભાઇ સોનાવાલા |

## તંત્રી સમીપે...

# શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘને સુદઢ-સમૃધ્ધ બનાવવાના જ્ઞાતિના સંકલ્પનો પુનરોચ્ચાર કરીએ...

શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘને સુદઢ-સમૃધ્ધ બનાવવાના કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના સંકલ્પને ધ્યાનમાં લઈ ૧૨ વર્ષે જ્યારે જ્યારે ત્રણ વર્ષે માટે જ્ઞાતિજનને પ્રમુખ મોકલવાનો વારો આવે ત્યારે જ્ઞાતિમાં ઉત્સાહ વર્તાતો હોય છે.

કમભાગ્યે આ વખતે તેનાથી વિરુધ્ધ વાતાવરણ હતું, જ્ઞાતિના બે ઉમેદવારોની ટક્કરમાં એક ઉમેદવારને ગચ્છમાં સમાવિષ્ટ અન્ય જ્ઞાતિના લોકો પર નિર્ભર રહેવાનું હતું તથા અન્ય ઉમેદવારને ચુંટણી વખતે, કદાચ ચુંટણીમાં મત આપવા માટે જ સભ્ય બનાવેલા ટેકા પર મદાર રાખવાનો હતો. આવી ટક્કરનો પરિણામે જ્ઞાતિએ અચલગચ્છના સંબંધી જે ઉત્કટ સંકલ્પ કરેલો છે તે તો પાછળ ધકેલાઈ જાત એટલું જ નહીં અકારણ જ્ઞાતિ એકતામાં અનેક તીરાડો પડત.

શાસન દેવની કૃપાથી મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદાએ ઉમેદવારી પાછી ખેંચી લઈ સર્વાનુમતે પસંદગીનો માર્ગ મોકળો કરી દીધો, તેમાં જે જ્ઞાતિ અગ્રણીઓએ મહત્વની ભુમિકા ભજવી તેઓ આપણા સૌના અભિનંદનના અધિકારી બને છે. ચુંટણીના દિવસે બપોર સુધી એટલે કે છેલ્લી ઘડી સુધી પોતાના પ્રયત્નો હેઠા ન મુકનાર આ અગ્રણીઓએ આપણી જ્ઞાતિને યશ અપાવ્યો છે તેની નોંધ લેવા સાથે આવનાર સમયમાં આવી નિષ્ઠા સતત ઉજાગર થતી રહે એવું ઈચ્છીએ.

આ ઘટનાક્રમમાં એક અન્ય પ્રસ્તુત હકીકતની પણ નોંધ લેવાની આવશ્યકતા છે.

આ આખી ગતિવિધિઓમાં શ્રી સમસ્ત મહાજનની નિષ્ક્રિયતા નોંધપાત્ર કક્ષાએ છતી થઈ છે. અચલગચ્છ જૈન સંઘ તરીકે ઓળખાતી આ રાષ્ટ્રીય સ્તરની મહત્વની સંસ્થામાં જ્યારે આપણા જ્ઞાતિજનનો પ્રમુખ બનવાનો અનુક્રમ હતો ત્યારે તે અંગેની ચુંટણીઓની વિધિસરની જાહેરાત થાય તે પહેલાં ઓછામાં ઓછા મહિના પૂર્વે સમસ્ત મહાજને આ બાબતે કાર્યવાહી કરવાનો પ્રારંભ કરવો જોઈતો હતો. આ કાર્યવાહી કયા કારણસર ન થઈ શકી તે પ્રશ્ન તેના સેક્રેટરી જનરલ માત્રને પૂછવા કરતાં સમગ્ર ટ્રસ્ટબોર્ડને તેનો ઉત્તર આપવા જવાબદાર ગણવા જોઈએ. અલબત એ સૂચક છે આવી કાર્યવાહી, એટલે કે સર્વ સમંતિથી આપણા કોઈ એક જ્ઞાતિજનને પ્રમુખ તરીકે ઉમેદવારી નોંધાવવા તૈયાર કરવાની કાર્યવાહી, હકીકતમાં સમસ્ત મહાજનના ત્રણેક ટ્રસ્ટીઓએ વ્યક્તિગત સ્તરે આરંભી હતી. એ ટ્રસ્ટીઓએ સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડનો

**ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાની ઈ-મેલ આય.ડી બદલાય છે**
**હવેથી ઈ-મેલ** kdoprakash@gmail.com **પર મોકલાવા.**
Please Note New Email ID of C.D.O. Prakash Samiksha :
Email : kdoprakash@gmail.com


**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા



**અંક નં. 49/2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

વિશ્વાસમાં ન લીધા કે ટ્રસ્ટ બોર્ડની સભામાં તે બાબત એજન્ડા પર લેવડાવવાને બદલે વ્યક્તિગત અને ખાનગી રીતે કીંગમેકરની ભૂમિકા અદા કરવા બહાર પડયા તે હકીકત પોતે જેના અંગરૂપ છે તેવી સમસ્ત મહાજન જેવી સમગ્ર જ્ઞાતિ વ્યાપી સંસ્થાંના માળખા કે અસ્તિત્વમાં તેમના વિશ્વાસ વિષે પ્રશ્નાર્થ ઉભો કરે છે તેની ગંભીરતા ઓછી આંકવી ન જોઈએ. અલબત, તેમણે પ્રારંભ કરેલ આ કાર્યવાહીને જ્ઞાતિના કેટલાક અગ્રણીઓએ સવેળા પડકારી અને તેમણે સમગ્ર જ્ઞાતિને સ્પર્શતી મહત્વની બાબતમાં આમ વ્યક્તિગત રીતે દોરી સંચાર કરવાની ચેષ્ટા પરત્વે તીવ્ર રોષ દર્શાવ્યો ત્યાર પછી જ, ચૂંટણી ટાળવા ને સમાધાન લાવવાનો તખ્તો ઉભો થઈ શકયો.

સમસ્ત મહાજનની ભૂમિકાનો મુદ્દો હવે એ દષ્ટિએ પણ અગત્યનો બની શકે છે કે અચલગચ્છ સંઘની બાગડોર સંભાળવાની જેમણે જવાબદારી લીધી છે તે પ્રમુખ શ્રી શામજી નરશી દંડ અને મંત્રી શ્રી કલ્પેશ માણેકજી મોતાના હાથ મજબુત બનાવવાના પ્રયોજનથી સમસ્ત મહાજનો હવે સતત સક્રિયતાથી પૂરે પુરો સહયોગ ને સહકાર આપવો પડશે. વિવિધ કારણોસર વેરવિખેર સાધુ સમુદાય, સાધુ સમુદાયની કચાશને કારણે આવેલી વધારાની જવાબદારી સ્વિકારીને મુંઝવણ અનુભવવા છતાં કર્તવ્ય નિષ્ઠા બજાવતો સાધ્વી સમાજ, ધાર્મિક વિધીઓમાં પ્રતિકાત્મક ભાગ લેવા સિવાય ગચ્છના કામ નિમિત્તે અહમના ટકરાવમાં ઉતરતો શ્રાવક સમુદાય તથા સાધ્વીઓની જેમજ ઉમંગભેર ધર્મ આરાધના કર્યાબાદ પણ ગચ્છની એકંદર સ્થિતીથી વ્યથિત હોવા છતાં ઉદારદિલી દાખવતો શ્રાવીકા સમુદાય - એ પ્રકારની અત્યારના અચલગચ્છની સ્થિતીમાંથી ગચ્છને બહાર લાવવાની જવાબદારી માત્ર પ્રમુખ કે મંત્રી પર ઢોળી શકાય નહીં. તેને માટે સહિયારા અને એકધારા પ્રયત્નોની જરૂર છે.

સદભાગ્યે કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ પાસે સાધુવેશ લીધા સિવાય પણ સારૂં ધર્મજ્ઞાન ધરાવનારાઓની સારી સંખ્યાછે એટલે શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘને ચતુર્વિધ સંઘની રૂપે તેના સ્થાપક પ.પૂ.આ. આર્યરક્ષિત સૂરીશ્વરજી મ.સા.ના. સંકલ્પ પ્રમાણે શિથીલાચારથી દૂર રાખવા, શિથીલાચાર પ્રવેશ્યો હોય તો તેને પણ દૂર કરવાની જવાબદારી અદા કરવા માટે અભ્યાસુ જ્ઞાતિજનોનો સાથ સહકાર લઈને સમસ્ત મહાજન નવનિર્વાચિત પ્રમુખ શ્રી શામજીભાઈ અને મંત્રી કલ્પેશભાઈને સમસ્ત જૈન સમાજમાં પણ અગ્રસ્થાન અપાવવા કટિબધ્ધ બનશે અને ગચ્છનો સુદઢ અને સમૃધ્ધ બનાવવાના જ્ઞાતિ સંકલ્પનો પુનરોચ્ચાર કરશે એવી શ્રધ્ધા રાખીએ.

- રા.

## બાયઠવાસી જૈન જોગ

**આપણા બાયઠ ગામનું જૈનો નું આગામી સ્નેહ સંમેલન તા. ૧૨.૧.૨૦૧૪ને રવિવાર ના સાંજના ૪થી ૧૦ દરમિયાન શેઠ શ્રી નરશીનાથા સભાગૃહ એ.સી. હોલ, ભાંડુપ માં યોજવામાં આવશે.**

**તો આ પ્રંસગે સૌ બાયઠવાસી જૈનો ને સહ પરિવાર તથા આપણી નિયાણી બહેનો ને પણ સહ પરિવાર પધારવાનું ભાવ ભર્યું આમંત્રણ પાઠવતા અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ.**

એજ લિ
શ્રી બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન
ટ્રસ્ટ વતી
શ્રી ઠાકરશી મેઘજી ગોસર -
પ્રમુખશ્રી ના જય જીનેન્દ્ર


શુભેચ્છા સહ...

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

**UK KHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057

## કચ્છી કસબ પર લખાયેલાં પુસ્તકનું વિમોચન

કચ્છીયતની તાસિરની તસવીર સમાન અનોખા હસ્તકલા કસબ અને કસબીઓ પર અનેક પુસ્તકો લખાયાં છે. કચ્છી કસબીઓની બે પેઢી સાથે ત્રણ દાયકા કરતાં વધુ સમયથી સક્રિયપણે સંકળાયેલા અર્ચનાબહેન શાહે લખેલા આવાં જ એક પુસ્તક સિફ્ટીંગ સેન્ડસ: કચ્છ અ લેન્ડ ઈન ટ્રાન્ઝીશનનું ભૂજ તાલુકાના કુકમા સ્થિત ખમીર ક્રાફ્ટ પાર્કમાં થોડા સમય પહેમાંવિમોચન થયું.

કચ્છી હસ્તકલાના સન્માન સમાન આ પ્રસંગની વિશેષતા એ હલકે લેખિકા સાથે વરસોથી કામ કરતા અને નિકટનો નાતો ધરાવતા કારીગરોના હસ્તે જ આ આ પુસ્તનું વિમોચન કરાયું.

નેશનલ ડીઝાઈન ઈન્સ્ટિટયૂટના શરૂઆતના સ્નાતકો પૈકીના એક અર્ચનાબહેન કચ્છના ભરતકામ તેમજ વસ્ત્ર પરના વિવિધ કસબથી મુગ્ધ બનીને ૧૯૭૬માં કચ્છ આવ્યાં હતાં. કચ્છની કળા, સંસ્કૃતિ, વસ્ત્ર પરંપરાનો ઈતિહાસ, લોકજીવન જેવી બાબતોને વણી લેતાં તેમણે આ પુસ્તક લખ્યું છે.

હાલ અમદાવાદમાં વસતાં અર્ચનાબહેને ત્યાં બંધે જ સ્ટોર શરૂ કરીને તેનાં માધ્યમથી કચ્છી કારીગરોને કામ તેમજ પ્રોત્સાહન પૂરાં પાડયાં હતાં. ભુજોડીના વિશ્રામ વણકર, દેવજી વાલજી, અજરખપુરના ડો. ઈસ્માઈલ ખત્રી, માંડવીના ઈસ્માઈલ ખત્રી, હોડકોનો ભસરભુરા અને ભુજના અલીમોમહમ્મદ ઈસાના હસ્તે આ પુસ્તકનું વિમોચન થયું હતું.

## દૂધ અને ડેરી પ્રોડક્ટસ નહીં વાપરવા જૈનોને વેગન્સ ગ્રુપની અપીલ

જૈન વેગન્સ વર્કિંગ ગ્રુપે દૂધ સહિતની ડેરી પેદાશો નહીં ખાવાની જૈનોને અપીલ કરી છે. ગ્રુપે જણાવ્યું છે કે દૂધ મળેવવા ગાયો પર અનેક અત્યાચાર કરવામાં આવે છે. દૂધ માટે ગાયનું કૃત્રિમ રીતે ગર્ભાધાન કરાય છે. તેના નવજાત વાછરડાને ૨૪થી ૪૮ કલાકમાં જ તેનાથી દૂર કરી નાખવામાં આવે છે. વાછરડાને તેના જન્મના થોડા સમય પછી મારી નાખવામાં આવે છે અથવા માંસ કે ચામડાંના ઉત્પાદન માટે તેને વેંચી દેવામાં આવે છે. વાછરડીને દૂધ માટે ઉછેરવામાં આવે છે. ગાય પથી ૭ વર્ષની થાય પછી તેને કત્તલખાને મોકલાય છે. હકીકતમાં તે ૨૦થી ૩૦ વર્ષ સુધી જીવી શકે છે. વેગન્સ ગ્રુપે વધુમાં જણાવ્યું છે કે આપણે ડેરી પ્રોડક્ટસનો વપરાશ કરીએ છીએ, તેનાથી લાખો નિર્દોષ ગાયો પર અત્યાચાર કરાય છે. આથી ખાસ કરીને પર્યુષણમાં જૈનો જીવદયાનું ઉમદા કાર્ય કરી શકે અને તેઓ દૂધ સહિત ડેરી પેદાશોનો ઉપયોગ ટાળી શકે.


**કલ્પેશભાઈ મંત્રી થઈ, તમે વધારશો અચલગચ્છનું ગૌરવ**



**શ્રી કલ્પેશ માણેકજી મોતા**

રાપરગઢવારી - ઘાટકોપર

**અમારા પરમ શુભેચ્છક શ્રી કલ્પેશ માણેકજી મોતાને શ્રી અચલગચ્છ જૈન સંઘનું મંત્રીપદ પ્રાપ્ત થયું, એ તેમની સેવાભાવના અને ગચ્છનિષ્ઠાની ફલશ્રુતી છે. ક.દ.ઓ. જૈન જ્ઞાતિનો અચલગચ્છના સંઘના પ્રમુખ થવાનો વારો છે તથા શ્રી શામજી નરશી દંડ પ્રમુખ પદે નિયુક્ત થયા છે ત્યારે, શ્રી કલ્પેશભાઈનો સાથ તેમને માટે અમુલ્ય રહેશે. આજોડી ગચ્છનું ગૌરવ વધારે તેવી અંતરની શુભેચ્છા ...**

**શ્રી સ્વસ્તિક ગ્રુપ - ડોમ્બિવલી**

શ્રી ભલારાદાદા નમઃ    શ્રી કુળદેવી દેશલ માતાય નમઃ

# અભિનંદન !!!   અભિનંદન !!!   અભિનંદન !!!



**શ્રી શામજી નરશી દંડ**

સાંધવ - મુલુંડ

અમારા પરિવારના મોભી શ્રી શામજી નરશી દંડ ભલારા દાદા અને શ્રી કુળદેવીની કૃપાથી શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધીપક્ષ) જૈન સંઘમાં પ્રમુખ તરીખે બિન હરીફ ચુંટાઈ આવ્યા તે બદલ પરિવાર તરફથી. શુભ અભિનંદન

**અનોખું બની રહે અચલગચ્છને આપનું નેતૃત્વ**

**આપ હમેશા પરિવારને ગૌરવ અપાવો દાખવી અનોખું કતૃત્વ**


**લક્ષ્મીબેન નરશી ચત્રભોજ દંડ પરિવાર ● લક્ષ્મીચંદ નરશી દંડ પરિવાર સાંધવ - ભાડુંપ**

સૌજન્ય : **લક્ષ્મી ઈનકોર્પોરેશન,**

**૧૧૪-૧૧૫, વીણા ઈનસ્ટ્રીયલ એસ્ટેલ, ૨૪૭ પાર્ક પાસે, એલ.બી.એસ. માર્ગ, વિક્રોલી (વે), મુંબઈ**

**ફોન :૨૫૭૮૦૫૫૨, ૬૭૯૭૩૦૫૨ /૯૮૯૨૨૭૫૨૦૬, ૯૮૯૨૭૫૭૫૦૦.**


સર્વે જ્ઞાતિજનો તથા સમસ્ત ગુર્જર પ્રજાને
સંવત ૨૦૭૦નું નૂતન વર્ષ સર્વ પ્રકારે
સુખ, શાંતિ, સમૃદ્ધિભર્યું નીવડે
એ જ અભ્યર્થના સહ નૂતન વર્ષાભિનંદન...



**દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ**

Estd.1978

44B, "Kutchi Bhawan" 1st Main Road • J. P. Nagar • 3rd Phase, Opp. Mini Forest, Bangalore - 78

PHONE : 2658 - 6798 / 99 • M : 09886106912 • E-mail dbkdo.jainekkam@yahoo.in

President : Khushalchand D Shah    Secretary : Satish D Shah

Mob : 09844002300    Mob : 09845049000

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન :**

અલપઈ, બડગરા, બાગલકોટ, બેંગલોર, બેલગામ, બેલ્લારી, બીજાપુર, કલીકટ, ચેન્નઈ, કોઈમ્બતુર, કોચીન, દાવણગીરી, ગદગ, ગોવા, હાવેરી, હુબલી, હૈદ્રાબાદ, કોપલ, કુમટા, પોંડીચેરી, રાયચુર, સેલમ, શીરશી, તીરુપુર.

## સંશોધક - ઈતિહાસકાર શ્રી વીરચંદ ધરમશીને એશિયાટિક સોસાયટીનો મેડલ

એશિયાટીક સોસાયટી ઓફ મુંબઈ તરફથી દર ત્રણ વર્ષે અપાતો સિલ્વર મેડલ આ વખતે જાણીતા સંશોધક ઈતિહાસકાર વીરચંદ ધરમશીના ફાળે ગયો છે. પુરાતત્વ વિધાના ભારતીય આદિ પુરુષ ભગવાનલાલ ઈન્દ્રજી વિશે તેમણે અંગ્રેજીમાં લખેલા પુસ્તક માટે આ પુરસ્કાર મળ્યું છે. ૫૦૪ પાનાંના પુસ્તકની પ્રસ્તાવના શ્રીલંકાના સુપ્રસિદ્ધ પુરાતત્વવિદ્ સેનાકે ભંડાર નાયકે લખી છે, તો અનુવચનના લખનાર પ્રો. ડગ્લાસ ઈ. હેન્સ છે.

આ એશિયાટીક સોસાયટીની સ્થાપના બસો વર્ષ પૂર્વે થઈ હતી, જેની કલકત્તા, લંડન અને મુંબઈમાં શાખાઓ છે, જ્યારે યુવિવર્સિટીઓ અસ્તિત્વમાં આવી ન હતી. એ વખતે વિદ્યાભ્યાસ માટે એકમાત્ર સ્થળ એશિયાટીક સોસાયટી હતું અને તેની સ્થાપનાનો ઉદ્દેશ હિન્દુસ્તાનના ઈતિહાસ, સંસ્કૃતિ, ભૂગોળ, સમાજશાસ્ત્ર, માનવશાસ્ત્ર જેવા વિષયોના અભ્યાસ માટે થઈ હતી. ૧૮૦૪માં સ્થાપના થઈ, ૧૯૨૮માં સંશોધક - લેખકીને એવોર્ડ આપવાનું નક્કી થયું અને સર્વ પ્રથમ સિલ્વર મેડલ ૧૯૩૦માં આપાયો હતો. આ એવાર્ડ મેળવનારાઓમાં ગુજરાતીઓ તો જૂજ છે. એટલે વીરચંદ ધરમશીને સિલ્વર મેડલ મળવાનો છે તેનું મહત્વ ગુજરાતી તરીકે ઘણું છે, કચ્છ માટે તો ગૌરવ ગણાય.

વીરચંદભાઈએ ભગવાનલાલ ઈન્દ્રજી વીશે શોધસંશોધન કાર્ય કરીને મોટું કામ કર્યું છે. તેમનું પુસ્તક વાંચતાં ભગવાનલાલ ઈન્દ્રજી વિશે જાણતા લોકો પર જે છાપ છે તેના કરતાં અનેકગણો પરિચય મળે છે. જેમકે ભગવાનલાલ અભિલૈખ (શિલાલેખ અને અન્ય લખાણો) ના જ્ઞાતા છે એવી છાપ છે, પણ આ પુસ્તક તેનાથી વિશેષ કહે છે. તેઓ સંપૂર્ણ પુરાતત્ત્વવિદ્ હતા. તેમણે સ્થળો, પ્રતિમાઓ અને અભિલેખો શોધ્યો, ઉત્ખનન કર્યું અને ઉકેલ્યું. તેમાંથી પહેલી વખત સાતવાહન, ગૈકુટકો, યાદવ વાકાટકા નામના વંશોને સંપુર્ણ પ્રકાશમાં લાવ્યા. સોપાર (નાલાસોપારા)ના બુદ્ધિષ્ટ, સ્તુપનું ઉત્ખનન કરી,


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

તમારા જીવનના સર્વે શુભ પ્રસંગમાં સહભાગી થવા ઉત્સુક

**રિશી ફુડસ ઍન્ડ સર્વિસ**

સદા સર્વાંગી સેવા કરીને ધન્યતા અનુભવશે

Rishi Foods

We Cater all Types of Veg. Cuisine (Maxican - Italian - Burmese etc.)

Chintan Shah (Lodaya) : 9619681919 Tel.: 022- 321 09097
Email : chintan_shah72@yahoo.com
Office : Sardar Pratap Singh Industrial Estate No. 3, Shop No. 7, Opp. Panalal Compound, L.B.S. Marg, Bhandup (West) Mumbai - 400 078

Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા.**

• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

Mob. : 7666688881

ગુરૂવાર બંધ

## જય હો ! જય હો ! વિજય હો ! વિજય હો !



## વંકા (બહાદુર) શ્રી કલ્પેશ માણેકજી મોતા

રાપરગઢવારી - ઘાટકોપર

કચ્છડો વંકો, કચ્છી વંકા
જગમેં જેંજા જસ જા ડંકા,
વંકી કચ્છ વતન જી વાણી
હી અંસાંજે રાપર જો પાણી
હી અંસાંજે રાપર જો પાણી
હી અંસાંજે રાપર જો પાણી

અમારા આત્મીય શ્રી કલ્પેશ માણેકજી મોતાને
શ્રી અખીલ ભારત અચલગચ્છ (વિધીપક્ષ) જૈન સંઘના
શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વતી શ્રી માનદ મંત્રી
પદની જવાબદારી સ્વીકારવા બદલ

# ખુબ - ખુબ અભિનંદન

**શ્રી રાપર - નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ**
**શ્રી રાપર - નાની સિંધોડી સખી મંડળ**
**શ્રી પાર્શ્વનાથ જૈન દરાસરજી અને ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ**

અમૂલ્ય અવશેષો બહાર કાઢ્યા અને તેનો રસ પ્રદ ઈતિહાસ પ્રકાશિત કર્યો હતો.

ભગવાન ઈન્દ્રજીએ પોતાના પ્રવાસો દરમિયાન મથુરા, વિદિશા, ઉદયગિરિ, માનકુંવર બુદ્ધ, નેપાળ, બોધગયા જેવી ઘણી જગ્યાઓએ શોધખોળ કરી હતી. બલુચિસ્તાનથી ઓરિસ્સા સુધી, નેપાળથી રામેશ્વર સુધી પ્રવાસ કર્યો હતો. એ વખતે પ્રવાસનાં સાધનો ઓછાં હતાં. ભગવાનલાલ એ ઓગણીસમી સદીના ભારતના બૌદ્ધિક ઈતિહાસમાં મહત્વનું યોગદાન આપનાર એકમાત્ર વ્યક્તિ ન હતા, બલકે એ વિષયના દિગ્ગજ હતા.

આવી ભારતની વિભૂતી વિશે સંશોધન કરીને ૫૦૪ પાનાંનું પુસ્તક લખનાર કચ્છના વીરચંદ ધરમશી તો જાણે જન્મથી જ સંશોધક રહ્યા છે. ભગવાનલાલ વિશેના અંગ્રેજી પુસ્તકની પ્રસ્તાવનામાં સેનાકે ભંડાર નાયકેએ લખ્યુ છે. વીરચંદ ધરમશીનું ભગવાનલાલ ઈન્દ્રજી વિશેનું કામ એનસાયક્લોપિડિક સર્વે છે અને પુરાત્ત્વના ઈતિહાસમાં સીમા સ્તંભરૂપ કાર્ય છે.

ગુજરાતી પુસ્તકમાં અનુવચનમાં સિતાશુ યશશ્ચંદ્રે લખ્યું છે. આ પુસ્તક ભારત વિદ્યા (ઈંડોલોજી) ના ઈતિહાસની વ્યાપક પણે સ્વીકારાવેલી આપણી સમજને, એ અંગેના સત્ત્વાર લેખનને મઠારવાની જરૂરિયાત ભૂમિકા અને પદ્ધતિને પ્રસ્તુત કરતું પહેલરૂપ આ પુસ્તક બને છે. યશચંદ્રે વીરચંદ ધરમશી વિશે લખ્યુ છે. વીરચંદભાઈ વિચક્ષણ, વિલક્ષણ અને ભારતવિદ્યા (ઈંડોલોજી)ના વ્યાપક સંદર્ભોના જાણકાર સંશોધક છે. અહીં ઉલ્લેખનીય છે કે, અંગ્રેજી અને ગુજરાતી એમ બંને પુસ્તકોનું પ્રકાશન દર્શક ઈતિહાસનિધી (વડોદરા) એ કર્યું છે.

હવે કચ્છીમાડુ વીરચંદ ધરમશી વિશે વાત કરીએ તો, વીરચંદભાઈ એ એક સ્વતંત્ર સંશોધક ઈતિહાસકાર છે. કલા, સાહિત્ય અને વિદ્વાનોનાં વર્તુળોમાં એમની આગવી ઓળખ છે. એમણે કરેલાં વિવિધ સંશોધનોમાં આશ્ચર્ય થાય એવી વિવિધતા છે. જેમ કે, આદિવાસીઓ પરનો અભ્યાસ. ગુજરાત, રાજસ્થાન, બસ્તર (છત્તીસગઢ)ના આદિવાસીઓનાં જીવન પર સંશોધન કર્યં છે. કચ્છના અજરખની બ્લોક પ્રિન્ટિંગ અને દેશી રંગોનો ઉપયોગ કરીને વસ્ત્ર પર છપાઈ થાય છે. તે કચ્છથી શરૂ કરીને રાજસ્થાન, મધ્યપ્રદેશ સુધીના વિસ્તારોમાં આ સંદર્ભે સંશોધનકાર્ય કર્યું છે. વહાણા કેમ બનાવવાં ઉપરાંત આફ્રિકા, ઈન્ડોનેશિયા સુધી વહાણ જતા એ વિષય પર સંશોધન કર્યું છે. ૧૯મી સદીણા વેર્સ્ટન ઈન્ડિયા પર ગુજરાત ગાતા પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. આ સિવાય પુરાતત્ત્વ ક્ષેત્રે પેન્સિલવેનિયા યુનિવર્સિટીની પરાતત્વ સંશોધક ટીમ સાથે ૧૫ વર્ષ સંકળાયેલા રહ્યા. મંદિરોનાં સ્થાપત્યો પર સંશોધન કર્યં અને ઐહોમ, પટ્ટડક્લ, તાંજોર, ભુવનેશ્વર, પૂરી, કોણાર્ક કેરલા, ખજૂરાહો તેમ જ શ્રીલંકા સહિતનો પ્રવાસ કર્યો હતો. તેઓ સિનેમા પર પ્રારંભકાળથી સ્ટુડિયો કાળ સુધીના પખર અભ્યાસી ગણાય છે. પારસી થિયેટરોના પણ અભ્યાસી છે. આમ તો પાંચ વર્ષની ચયથી ફૂલટાઈમ સંશોધન - ઈતિહાસ લેખનામાં ઝુકાવ્યું છે.

૨૬મી નવેમ્બરે મંગળવારે સાંજે ૫-૩૦ વાગ્યે સોસાયટીના હોલમાં વીરચંદભાઈને સિલ્વર મેડલ એનાયત કરાયો.

જ્ઞાતિના બહુમુખી પ્રતિભાવાળા વિદ્વાન શ્રી વીરચંદ ધરમશીના ૨૦૧૨માં પ્રગટ થયેલા પુસ્તક પુરાતત્વ વિદ્યાના ભારતીય અદિપુરુષ ભગવાનલાલ ઈન્દ્રજીને વર્ષે ૨૦૧૨-૧૩માં આંતરરાષ્ટ્રીય વિદ્વાન વતુર્ળોમાં સારો આવકાર મળ્યો. તેની પરાકાષ્ઠા રૂપે પુરાતત્વ મેગેજીનના બુક રીવ્યુ વિભાગમા ૫૦ પુસ્તકોના લેખક કેમ્બ્રીજ યુનિવર્સિટીના પ્રોફેસર દીલપ ચક્રવતીએ આ પુસ્તક વિશે લાંબી સમીક્ષા કરીએ છે. જેમાં વીરચંદભાઈના આ પુસ્તકને સારા સંશોધન સાથે સારી રીતે લખાયેલ પુસ્તક તરીકે વખાણવા સાથે ભગવાનલાલ તથા તેમના કાર્ય વિશેના દુર્લભ ખજાના તરીકે વધાવ્યું છે.

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છાસહ.....
*Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ


9448138780 - Sha Lalji Manekji
9341319295 - Sha Harish Munvar


સંચાલિત - "જીવન-સંધ્યા"


9448186222 - Sha Dineshchand Kuverji
9448165256 - Sha Veerendra Padamshi


## તા. ૧-૫-૨૦૧૩ થી ૩૧-૧૦-૨૦૧૩ સુધી આવેલ ફાળાઓ

### નવી વીંગમાં થનાર બાંધકામ પેટે એક રૂમના દાતા

● ૧,૫૧,૦૦૦/- શા થોભણ લધા ટ્રસ્ટ, વરાડીયા (મુંબઈ) હ. શ્રીમતિ માકબાઈ લધાભાઈ મણશી મોમાયા, હ. શ્રી થોભણભાઈ શ્રી શાંતિલાલભાઈ, શ્રી જયંતિલાલભાઈ તથા શ્રી અમૃતભાઈ.

● ૧,૫૦,૦૦૦/- શ્રીમતિ મધુબેન કુલીનકાન્ત ગોવિંદજી નાગડા, તેરા (નાંદેડ) સ્વ. શ્રી કુલીનકાન્તભાઈની પુણ્ય સ્મૃતિમાં

### નિભાવ ફંડ

■ ૧,૦૦,૦૦૦/- માતુશ્રી નવલબેન રામજી ગોસર ના સ્મરણાર્થે, બાયઠ હ. ફતેહચંદ રામજી ગોસર, શ્રીમતિ સ્નેહલ સંજય વૈધ, જય હેમેન્દ્ર ખોના (મુંબઈ)

■ ૩૧,૦૦૦/- શ્રી ગોવિંદજી મુરજી દંડ, લાલા (ડોંબીવલી) સ્વ. જવેરબેન લાલજી આસારીઆ, કોટડી-મહાદેવપુરી ના સ્મરણાર્થે

■ ૨૮,૮૦૦/- શ્રી કિરણ ચાંપશી પાલાણી, કોઠારા (ચુનાભટી મુંબઈ) (૪ જણાનું વાર્ષિક લવાજમ)

### કાયમી સવારનો ચા-નાસ્તો, બપોરનું મિષ્ટાન ભોજન, બપોરની ચા, સાંજનું ભોજન - ૧૯૫૦૦/-

■ માતુશ્રી સ્વ. ઈન્દીરાબેન નરેન્દ્ર વેલજી ધરમશી, સાધાણ (ગાંધીનગર-અમદાવાદ) શ્રી પૃથ્વી ધરમશી (શાહ)

■ રાહુલ જે. લાલકા, ધ્રાફા (કોચી) શ્રી જવાહર ખીમજી લાલકાની પુણ્ય સ્મૃતિમાં

■ શ્રી ખીમજી નરશી મોતા, સુથરી (મુંબઈ) માતુશ્રી સોનબાઈ કાનજી રતનશી, છેડા (સુથરી) ના સ્મરણાર્થે

■ શ્રી ખીમજી નરશી મોતા, સુથરી (મુંબઈ) નાનીમા સ્વ. હીરબાઈ વસનજી કેશવજી દંડ, તેરા ના સ્મરણાર્થે.

### કાયમી મિષ્ટાન્ન ભોજન - ૧૦,૦૦૧/-

■ શા પ્રેમચંદ હંસરાજ ડાઘા, વરાડીયા (કુમઠા)

■ શા પ્રેમચંદ પદમશી છેડા તેરા (માટુંગા), હ. નરેશ પ્રેમચંદ છેડા

■ શ્રી ઉત્તમચંદ કુંવરજી મેપાણી, પરજાઉ (મુલુન્ડ) હ. વિજયાબેન કપુર મેપાણી

■ શ્રીમતી લક્ષ્મીબાઈ ઉત્તમચંદ કુંવરજી મેપાણી પરજાઉ (મુલુન્ડ) ના જન્મ દિવસ નિમિત્તે, હ. વિજયાબેન કપુર મેપાણી મુલુન્ડ.

■ શ્રી પાસુભાઈ પુનશી લોડાયા, હ. સુધીર અને રમેશ લોડાયા, નલિયા (ઈન્દોર)

■ એક સદ્‌ગૃહસ્થ, પુના, હ. ચંદ્રકાન્ત લાલજી લોડાયા (ગદગ)

■ શ્રીમતિ મણીબાઈ મુલજી પોલડીયા ચેરીટેબલ ટ્રસ્ટ, બાયઠ (વડાલા-મુંબઈ)

■ અ.સૌ. લક્ષ્મીબેન લક્ષ્મીચંદ જીવરાજ ખોના, સાંધવ (હુબલી) અ.સૌ. ભાવના શિરીષ લોડાયા, અ.સૌ. દીપાલી ધનપતી રતાણી, અ.સૌ. પ્રિતી નિલેશ ખોના.

### કાયમી સાંજનું સાદું ભોજન - ૫૦૦૧/-

■ શ્રી રમેશચંદ્ર પુનસી ડોસાભાઈ ધરમશી સુથરી (કાનપુર) ની પુણ્ય સ્મૃતિમાં હ. કાન્તાબેન આર. શાહ.

### કાયમી સવારનો ચા- નાસ્તો - ૩૦૦૧/-

■ શ્રીમતિ પ્રજ્ઞા જીવરાજ દંડ, રંગપુર (શીરસી)

■ શ્રી ઉત્તમચંદ કુંવરજી મેપાણી, પરજાઉ (મુલુન્ડ) હ. વિજયાબેન કપુર

■ શ્રીમતી લક્ષ્મીબાઈ ઉત્તમચંદ કુંવરજી મેપાણી પરજાઉ (મુલુન્ડ) હ.વિજયાબેન

### કાયમી બપોરની ચાય - ૧૫૦૧/-

■ શ્રી સુભાષ ગુલાબચંદ ખોના, રંગપુર (બોરીવલી) શ્રી સુભાષભાઈ ની સ્મૃતિમાં

■ શ્રી વિજય મેઘજી લોડાયા, મોટીખાવડી (શેલુ)

### એક ટંક મિષ્ટાન્ન ભોજન આશ્રમવાસીઓ સાથે-૧૦૦૧/-

■ ચી. હર્ષીની ભાઈચંદ દંડ (જન્મદિવસ) માટુંગા - ભરૂડીયા

■ માતુશ્રી પુનીબાઈ મોહનલાલ દેસલા, ગદગ

■ શ્રી ચંપાલાલ (અન્સીદેવી) ગુન્ટૂર, હ. ત્રિશલાદેવી

■ શ્રીમતિ લીલાવંતીબેન અરવિંદ લધ્ધડ, હુબલી (હ. વનીતાબેન)

■ શ્રીમતિ હીરાબાઈ નેણશી ખોના, નલીયા (પવઈ)

■ શ્રીમતિ ગીતા રમેશ લોડાયા (જન્મ દિવસ) સુથરી (ડોંબીવલી)

■ માતુશ્રી મુલબાઈ દનાભાઈ રતનશી ગડા, બાડા (ગોળપદેવ - મુંબઈ)

■ શ્રીમતિ હેમા સુધીર પિઢી - ચિ.શ્રવનીના જન્મ દિવસ નિમીત્તે ગદગ

■ શ્રી કુલીનકાન્ત ગોવિંદજી નાગડા, તેરા (નાંદેડ) હ. શ્રીમતિ ભારતી ખુશાલ છેડા

■ શ્રીમતિ પુષ્પાબેન કિશોર રાયમલ નાગડા. નલિયા (ગદગ) જન્મ દિવસ નિમીત્તે

■ શ્રીમતિ ગુણવંતીબેન શાન્તીલાલ ધરમશી, નલિયા (ગદગ), હ. પુષ્પાબેન ધરમશી

■ માતુશ્રી નેણબાઈ, ઈન્દુબેન, પ્રેમીલાબેન ગોરખડી હ. રંજનબેન મેઘજી (મુલુંડ)

■ ચિ, માનવ પરાગ નાગડા, નલીયા (મુલુંડ) જન્મ દિવસ, હ. લલિત રાયમલ.

■ સ્વ. કેશરબાઈ દામજી છેડા, નલીયા (કોઈમ્બતુર) હ. લલીત રાયમલ નાગડા

■ શ્રીમાન હરખચંદ કાન્તીલાલ પાલરેચા, ગદગ

■ માતુશ્રી પ્રિયવંતી જીવનલાલ નાગડા, નલીયા (હુબલી) હ. શ્રીમતિ કાશ્મીરા

■ શ્રી પારસકુમાર કુલીનકાન્ત નાગડા, તેરા (નાંદેડ) શ્રી ઋષભના જન્મ દિવસ પ્રસંગ

■ એક સદગૃહસ્થ, હ. વિપુલભાઈ નવાવર્ષ નિમિત્તે

■ શ્રીમતિ ઉષાબેન હરીશ મુનવર, જખૌ (ગદગ) ચિ. અર્ચના ના લગ્ન પ્રસંગે

કોઈપણ યાદગાર પ્રસંગે સંસ્થાના વડિલોને યાદ કરી ઉદાર દિલે ફાળો નોંધાવી માનવ સેવાના આ વિશાળ કાર્યમાં સાથ આપવા વિનંતી

આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુક્તિને પાત્ર છે

શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ-ગદગ
HDFC બેંક - SB A/c No. 17621450000018, RTGS/NEFT/IFSC Code HDFC 0001762
CANARA - SB A/c No. 0511101019459, Bank IFSC Code CNRB0000511

મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઢીયા - 098200 39469
શ્રી રાયચંદ હંશરાજ ધરમશી - 098200 84867

## પ્રત્યક્ષ દાન

પ્રકાશ સમીક્ષા અંક - ૪૦માં પ્રત્યક્ષ દાનના ત્રણ કિસ્સા આલેખીને સુરતના પ્રવિણચંદ્ર શામજી ધરમશીએ દિશા નિર્દેશન કર્યું છે. ધન્યવાદ સાથે એ ત્રણ કિસ્સાની કડીને આગળ વધારવાનો પ્રયાસ કરી રહી છું.

*સ્મરણ લીલું કપૂરી પાન જેવું,*
*હવામાં ચોતરફ લોબાન જેવું.*

પ્રત્યક્ષ દાનના મારા અનુભવો અને કિસ્સાઓ આદમ ટંકારવી રજૂ કરું છું. હા! ટૂંકમાં જ સ્તો!

### મને મળ્યું માત્ર ૧૦ રૂ.નું અમૂલ્ય દાન

ચુનાભઠ્ઠીના બસ સ્ટોપ પર મારૂં પર્સ કોઈએ તફડાવી લીધું છે એની જાણ વગર બસમાં ચડી ગઈ. કે.ઈ..એમ. હોસ્પિટલ પરેલની ટીકીટ લેવી બેગમાં પર્સ શોધવા હાંફળી થઈ ગઈ! પણ એ ત્યાં નહોતું!

મારી પાછળ બેઠેલા યંગ કપલે મારી ટિકીટ કઢાવી આપી, કે.ઈ.એમ. સુધી સુનમુન રહી. કંડક્ટર કદાચ મને જોતો હશે. ડ્રાયવર પાસે છેક ગેટ પાસે બસ ઊભી રખાવી અને મને કહે 'હવે તમે પાછા કેવી રીતે જશો?' મને વળતાની ટિકિટ કઢાવવા માટે ૧૦ રૂા. આપવા લાગ્યો. મેં કહ્યું ડોક્ટર મારા મિત્ર છે. પૈસા લઈ લઈશ તો કહે ના, આ તમે લઈજ લો, નહીંતો મને દુઃખ થશે આ મળ્યું તે પ્રત્યક્ષ દાન! ખબર નહીં એ કંડક્ટરભાઈ ફરી ક્યારેય મળશે ખરા? હું ઓળખીશ ખરી?

### અંધારે ચમકારો :

વરસતા વરસાદે વડોદરાના હાઈ-વે પર રાત્રે ૯.૦૦ વાગે થયો અકસ્માત. ઓમનીના આગળથી થયા ચૂરા, અમે કેમ બચ્યા તે તો ભગવાન જાણે! પણ કુષ્ણ ભગવાન જેના સારથિ બન્યા હતા તે નામધારી અર્જુનભાઈ આવી ચડયા. અને કહે આ ગાડી અહીં હાઈ-વે પર વધારે વાર ન રખાય તરત પોતાની વાડીમાંથી ટ્રેક્ટર, રસ્સી ટોર્ચ વગેરે ફોન કરી મંગાવી અમને સહી સલામત વાડીમાં પહોંચાડ્યા. તે વખતે લાઈટ પણ નહોતી.


શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)


બીજે દિવસે ગાડીને ફરી ટ્રેક્ટર સાથે જોડી શોરૂમમાં પણ પહોંચાડી, અને જ્યારે મેં થયેલ ખર્ચ માટેની વાત કરી તો કહે આ તો પ્રત્યક્ષ દાનની પ્રભુએ તક આપી!

### અજાણી જગ્યાએ અજાણ્યાને અજાણ્યાનું દાન :

વડોદરાના એક રીક્ષા ડ્રાઈવરના પુત્રને કોચીન ઓપરેશન માટે મોકલાવેલ. કોઈમ્બતુરના શ્રી પ્રદીપભાઈ લોડાયાને ફોન કર્યો કોચીનમાં ભાષાની સમસ્યા નડે, ગરીબ વ્યક્તિ છે. જો દેરાસર સંલગ્ન ધર્મશાળામાં રહેવાની સગવડ કરી શકાય એમ હોય તો અને પ્રદીપભાઈએ ફોન કર્યો કોચીનના પ્રફુલ્લભાઈને મારા આશ્ચર્ય વચ્ચે મારાથી અજાણ એવા પ્રફુલ્લભાઈએ એ રીક્ષા ડ્રાયવરને પ્રત્યક્ષ દાન રૂપે રૂા. ૫૦.૦૦૦/- ની મદદ કરી દીધી. મેં પ્રદીપભાઈને ફોન કર્યો તો કહે તમે કહ્યું એટલે યોગ્ય જ હોય. પ્રફુલ્લભાઈ પાસેથી ફોન પર સર્વ વિગત જાણી એટલે અમે બનેએ ૨૫-૨૫ના પ્રત્યક્ષ દાનનું નક્કી કરી લીધું

### ડો. તરલની સજ્જ સરલતા :

મુલુન્ડ કોલોનીમાં સામાન્ય ડ્રાઈવરનો પુત્ર અભય, સાત વર્ષની ઉમર સુધી ચાલ્યો જ ન હતો... એવી ખબર મળતાં ડો. તરલ નાગડા પાસે મોકલ્યો. તરલભાઈએ આજ સુધી એની પર પાંચ ઓપરેશન કર્યા છે - એક પૈસાની પણ ફી લીધા વગર છે ને પ્રત્યક્ષ દાન! મારા સહસાધકોએ ઓપરેશન સિવાયનો અધધધ ખર્ચ હસતા મુખે ઉઠાવી લીધો છે.


### જયંત લંબાયા કૌસાની સુધી :

ઉત્તરાંચલના કૌસાનીમાં આવેલ લક્ષ્મી આશ્રમમાં કસ્તુરબા વિદ્યાલયની બાળકીઓ માટે યોગાશિબિરનું સંચાલન કરવા ૧૦ દિવસ રોકાવાનું થયું. સામાન્ય સ્થિતિની પરિવાર વિહોણી બાળાઓ આશ્રમના વાતાવરણમાં જીવનના અનેક રંગો ખીલવવા કેળવણી લઈ રહી હતી.

સાંજે પ્રાર્થના મધુર કંઠે તાલબધ્ધ ગવાતી


અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786


## તૃતીય પુણ્યતિથિએ શ્રધ્ધાસુમન



ગોરેગામ
(દલતુંગી)







અરિહંતશરણ
૦૮-૧૨-૨૦૧૦



# સ્વ. વિજ્યાબેન મણીલાલ ત્રીકમજી ડાઘા

તમે વિસામો એવો લીધો છે કે ઘર થયું છે સુનુ અને દિવાલો રડે છે. નયનોમાંથી નીર ખુટે છે અને દીલમાં દર્દ છુટે છે. તમારી ઉપસ્થિતી નથી એ મન માનતું જ નથી, ઘરમાં તમારી તસ્વીર જોઈને અમારા સૌની આંખો છલકાય છે. તમારી ખોટ ક્યારેય પુરાવાની નથી. તમારો સમતાભાવ, કૌટુંબિક પ્રેમ, અબોલ જીવો પ્રત્યે કરૂણાભાવ, દીન દુખીયાને આર્થિક મદદ, સાધુ ભંગવતોને આદરભાવ, આપના જીવનના અભિન્ન અંગ રહ્યા, તે અમારા જીવનમાં સિંચેલા શિસ્તમય, નીતિ કર્તવ્ય, નિષ્ઠાના સંસ્કારોનું સદાય અમને ગર્વ રહેશે. તમારો લાગણી સભર મિલનસાર સ્વભાવ પળેપળે યાદ આવશે. હસીને રહેવાવાળા આજ અમોને રડાવી ગયા. આંખો ભરીને બેઠો છે, અશ્રુઓનો દરબાર,ભાવભીની શ્રધ્ધાંજલી આપે છે તમારે પરિવાર...

**લિ. આપની અમર સ્મૃતિમાં...**

| | | |
|---|---|---|
| પતિ | : | **મણીલાલ ત્રીકમજી ડાઘા** |
| પુત્ર-પુત્રવધુ | : | **ચેતના-સંજય, દીપા-નીકુંજ, ચાંદની-મનોજ** |
| પૌત્ર-પૌત્રી | : | **ઊર્જા, જય, સિધ્ધાર્થ, ઝલક તથા રોનક** |
| દીકરી - જમાઈ | : | **પારૂલ - પંકજ દંડ** |
| દોહિત્ર - દોહીત્રી | : | **ભાવેશ - નિધિ** |
| પુત્ર - પુત્રવધુ તુલ્ય | : | **પ્રતિક્ષા - દીલીપ, હંસા-ચંદ્રેશ, વિમલા - ઝવેરચંદ, ઉષા-દિનેશ, અશોક, બીના-પ્રફુલ, સંગીતા-કાંતિ, પલ્લવી-ગુલાબ, સ્મિતા-કૌશિક, ભાવિકા-શૈલેષ, ભાવિન** |
| નણંદ | : | **સોનબાઈ ત્રીકમજી ડાઘા તથા બાંયાબેન ઉમરશી ધરમશી** |

**માતુશ્રી રતનબેન ત્રીકમજી દેવજી ડાઘા સમસ્ત પરિવાર (દલતુંગી)**
**માતુશ્રી લીલબાઈ નાંગશી માણેકજી લોડાયા સમસ્ત પરિવાર (નાનીખાવડી)**

પ્રાર્થના/ગીત/ભજનથી મન તરબતર થઈ ગયું. ઢોલક, તબલા, મંથરાની વચ્ચે હોર્મોનિયમની ગેરહાજરી વર્તાઈ.

પૃચ્છા કરી તો ખબર પડી કે નવું લેવું પડે તેમ હતું. રાત્રે આજ વાત વિચારતા સૂઈ ગઈ અને સવારે મુબઈથી જયંતભાઈ ગંગરનો ફોન આવ્યો. વાતવાતમાં હારમોનિયમની જરૂરિયાત કહેવાઈ ગઈ અને તરત જ મળી ગયું પ્રત્યક્ષદાન.

### વિશાલની વિસ્મિત કરતી વિશાળતા :

કચ્છના ભૂકંપપીડીત અંજારના માયાબાની વાત પણ તમને જણાવું. ભૂકંપ સમયે પ્રેગનેન્ટ માયાબા ભાગવા જતાં પથ્થરા તળે દબાયા. શરીરનો નીચેનો ભાગ નિર્જીવ બન્યો. પતિએ સાથ છોડી દીધો, સસરાપક્ષો સ્વીકારી નહીં અને તોયે અર્ધ નિર્જીવ શરીરે ચેતનાં ને જન્મ આપ્યો. આજે એ દિકરી આઠમા ધોરણમાં ભણે છે. ગત વર્ષે વરસાદથી ધરના પતરામાંથી પાણી ટપકપાની ભીતી ઊભી થઈ. ગાંધીધામના વિશાલભાઈ લાલકાને વાત કરી થોડી મદદ માટે! વિશાલભાઈ એના ઘરે પહોંચ્યા માત્ર પતરું નહીં, છજ્જનો વિસ્તાર કરી એક નવો રૂમ ઊભો કરી આપ્યો. આને જ તો હવે આપણે પ્રત્યક્ષ દાન કહીશું ને!

### ભણતરનું થડ બન્યા ડો. મુકેશભાઈ :

અરે! ચેતનાબેનની વાત તો કરું! ભૂકંપબાદ ત્રણ દિવસ પછી જેમને મલ્બામાંથી ખોળી કાઢવામાં આવ્યા હતા એવા ચેતનાબેને માત્ર બંને પગ જ નહિં પણ પતિ અને દિકરી સુધ્ધાં ગુમાવ્યા હતા. પુત્ર ભાર્ગવની સાથે અપંગ મહિલાની જીવનયાત્રા ઘણી કઠિન બની ગઈ હતી. મુંબઈના ડો. મુકેશભાઈ દોશીએ ભાર્ગવના ભણપરજી સંઘળી જવાબદારી સ્વીકારી લીધી. આજે એન્જીનીયરીંગની માસ્ટર્સ ડીગ્રીનો અભ્યાસ કરતો ભાર્ગવ આ પ્રત્યક્ષ દાનથી પોતાના પગ પર ઊભો રહેવા સક્ષમ બની રહ્યો છે.

### કલ્પનાબેનની વાસ્તવિક ઉદારતા :

ભૂકંપ પછી GH પ્રોજેક્ટ અંતર્ગત ૨૦૦ જણાને માસિક સહાય પાંચ વર્ષ સુધી કરવામાં આવી. પાંચ વર્ષ પછી બંધ થતી આ યોજનાથી હુ વ્યથિત હતી. અઢારેક એવી વ્યક્તિઓ હતી કે જેમને મદદ બંધ કરી જ ન શકાય. મારી આ વ્યથાને કલ્યનાબેન મોરખિયાએ હળવાશથી હરી લીધી એમ કહીને કે દર મહિને એજ રીતે એમ.ઓ જશે: અને આજે પણ એ કાર્ય યથાવત છે. જેમને જોયા પણ નથી એવા અપ્રત્યક્ષ જણ માટેનું આ પ્રત્યક્ષ દાન.

### સહારો આપવો તો પૂરો જ :

મધ્યપ્રદેશનના ગુનામાં એક યોગશિબિરાથી ભાઈ પોતાની સાથે પગની પીડાથી કણસતા દરજીભાઈને લઈ આવ્યા. મેં. કહ્યું આમાં યોગ થેરાપીથી નહીં ચાલે. સહસાધક સુભાષ સડાના અને ગુલશન દાવરે એ રમેશને સહારો આપ્યો. હું પાંચ-દસ હજારનો ખર્ચ માનતી હતી. પણ ઓપરેશન થયું અને ૮-૧૦ મહિના દવાનો ખર્ચ પણ ખરો. બે થી અઢી લાખના પ્રત્યક્ષ દાનથી એ ભાઈ ચાલતા થઈ ગયા છે.

### માયાબા સાથે થઈ માયા :

અને છેલ્લે મોટી ખાખરામાં તા. ૨૮-૧૦-૧૩ના વાતોના વડા તળી રહ્યા હતા ને મારાથી રજૂઆત થઈ ગઈ આવતીકાલે દિકરી માયાબાના ઘરે જવ્યું છે અને ગુણવંતીબેને વિગતવાર જાણકારી પૂછી, વાત પૂરી કરું એ પહેલાં મનસુખભાઈએ રૂા. ૨૦૦૦ના મિઠાઈ - ફરસાણ પકડાવી દીધા. માયાબાને મળીને સાંજે પાછા આવ્યા ફરી એ જ વાતો ... અને મનસુખભાઈની ભીની લાગણીઓ શબ્દોમાં વહી - દર મહિને માયાબાને રૂા. ૧૦૦૦ મોકલીએ! ગુણવંતીબેન અને મનુસખભાઈને પ્રત્યક્ષ દાન આપતા તમે જોતા રહો તોય અજાણ રહી જાઓ કે એઓ ક્યાં ક્યાં દાન કરી રહ્યા છે. જીંદગીની મારી યાત્રાને આવા અનેક લોકોએ પોતાની મહેકથી બાગ-બાગ કરી દીધી છે. નામ, તકતી કે સન્માન જેવી કોઈ પણ પ્રકારની અપેક્ષા વિના જ્યારે તક મળી ત્યારે તેને ઝડપી લઈ સામેવાળાને મદદ કરી હાથ ખંખેરી ચાલતા થઈ જનારા આવા લોકો મને મળ્યા છે, જેમણે દાનધર્મનો ખરો મર્મ શીખવી દીધો છે. આપણને પણ કુદરત આવી તક આપે ત્યારે આપણું શું હોય છે? એ આપણી જાતને પૂછવા જેવો સવાલ છે!

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

અખીલ ભારત અચલગચ્છ જૈન સંઘમાં ત્રણ વર્ષ માટે પ્રમુખ તરીકે : શ્રી શામજીભાઈ નરશી દંડ તથા મંત્રી તરીકે શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા અનેટીમની બિન - હરીક નિમણુક બદલ અભિનંદન! જ્ઞાતિ ગરિમાને અને એને ઊજ્જવળ બનાવનાર સૌને પણ સો સો સલામ્

- ચીમન મોતા

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI™
Continental
MADHUBAN - JHARKHAND

# પ્રથમ પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



## સ્વ. અ.સૌ. સુશીલા જવેરચંદ પોલડીયા (ડુમરા-મુલુંડ)

**અરિહંત શરણ : તા. ૧/૧૨/૨૦૧૨**

જીવન એવું જીવી ગયા જે કદી ભૂલાય નહી.
વિદાય એવી લીધી જે કદી વિસરાય નહી.
પણ મોક્ષ પંથે જનારને કોઈથી રોકાય નહી.
વર્ષ વિત્યું તમારી વિદાયને, પણ તમારો સ્નેહ,
સંસ્કારો, હરપળ યાદ આવે છે, જે જીવંત રાખે છે તમારો સહવાસ,
મુશ્કેલીમાં પણ હિંમત ટકાવી, શીખવે આગળ વધવું...
આપનો પરોપકારી સ્વભાવ અને કુટુંબ પ્રત્યેની પ્રેમભાવના
ધર્મમાં જે લીનતા હતી, એ જોવા મળતી હતી,
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે
આવી ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ સુમન અર્પણ કરીએ છીએ....

### ભાવભરી શ્રધ્ધાંજલિ

**જીવનસાથી** : જવેરચંદ લક્ષ્મીચંદ દામજી પોલડીયા (ડુમરા-મુલુંડ)
**માતા-પિતા** : સ્વ. ભમલબાઈ પદમશી પૂંજાભાઈ લોડાયા (પીર) (સુથરી-ડોંબીવલી)
**પુત્ર-પુત્રવધુ** : અ.સૌ. અલ્પા સંજય પોલડીયા (ડુમરા-મુલુંડ)
**પુત્રી-જમાઈ** : અ.સૌ. ગીતા ભરતકુમાર મોમાયા (સાંયરા-ચાલીસગામ)
અ.સૌ. સંગીતા શૈલેશ મૈશેરી (નલીયા-ઘાટકોપર)
અ.સૌ. રેખા પરેશ લોડાયા (સાંયરા-મુલુંડ)

UPASANA-9820167767

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## દિવાળી સ્નેહ મિલન ૨૦૧૩ હૈદરાબાદ

તા. ૧૦ નવેમ્બર નાં શ્રી કચ્છી ભવન હૈદરાબાદ મધ્યે દિવાળી સ્નેહ મિલન ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ. સૌએ સાંજે ૪ થી ૬ અલ્પાહારની મોઝ માણી હતી.



મંચ પર પ્રમુખ શ્રી મણીકાંત મેઘજી મોમાયા, ઉપપ્રમુખ શ્રી ધનપત લાલજી મોતા, માનદ્ મંત્રી શ્રી મોનીક વિનોદ ધરમશી, ખજાનચી, શ્રી વિરેન્દ્ર શીવજી મોતા તથા મહિલા મંચનાં પ્રમુખ શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા, માનદ્ મંત્રીણી શ્રીમતી જ્યોતી મહેન્દ્ર મોતા બીરાજમાન હતા.

માજી પ્રમુખ શ્રી રમેશભાઈ પ્રેમજીને ૨ મીનીટ મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી.

પ્રમુખ શ્રી મણીકાંતભાઈ એ દિવાળી અને નૂતન વર્ષની શુભકામના આપી હતી. દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલનો કાર્યક્રમ ખૂબજ સફળતા પૂર્વક આયોજીત થયેલ એમ જણાવ્યું હતું. ટીમ વર્કની પ્રશંશા કરી હતી. સર્વ દાતાઓનું આભાર વ્યક્ત કરેલ. મહિલા મંચ અને યુથ ફોરમને જાગૃત કરી સારા કાર્યક્રમો આપે એવી આશા વ્યક્ત કરી હતી. યુવક યુવતીઓને કચ્છમાં આયોજીત ડીસેમ્બરમાં વધારેથી વધારે સંખ્યામાં ભાગ લેવા અપીલ કરી હતી. માનદ્ મંત્રી શ્રી મોનીકભાઈએ અહેવાલ આપ્યો હતો.

ચૂંટણીમાં નામાંકન પત્ર ન આવતાં ફલોર નોમીનેશન થી વ્યવસ્થાપક સમિતિના ૧૧ સભ્યોની નિમંણુક કરવામાં આવેલ. વડીલવંદનામાં દામપત્ય જીવનનાં ૫૦ વર્ષ પૂરૂં કરનાર દમ્પતીઓનું સમ્માન કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૩ની S.S.C. ઈન્ટરમીડીયેટ, ગ્રેજ્યુએટમાં સર્વોચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓને માતુશ્રી જેતબાઈ જેતશી ધુલ્લા રજતપદકથી સમ્માનીત કરવામાં આવેલ. દિવાળી મીલન ૨૦૧૩ના પ્રીતીભોજના દાતા શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયાનું બહુમાન કરવામાં આવેલ. દાંડીયા રાસ, ગરબા તથા વિવિધ હરીફાઈઓનાં ઈનામોનાં દાતા શ્રીમતી તેજલ કૌશીક મૈસેરીનું સન્માન કરવામાં આવેલ. સ્વાદીષ્ટ ભોજન ૪૫૦ સભ્યોએ માણેલ.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રશ્મિબેન રાજેશ લોડાયાએ સુંદર રીતે કરેલ હતું.

## ક.દ.ઓ. છેડા ગોત્રના અંબા માતાજીની સમૂહ પહેડી તેમજ સ્નેહમિલન યોજાયું



સમસ્ત કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબા માતાજીની સમૂહ પહેડી, શ્રી નવચંડી પાઠ, તપસ્વી બહુમાન અને સ્નેહમિલન રવિવાર, તા. ૨૪-૧૧-૧૩ના શ્રી જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મુલુંડ ખાતે યોજાઈ હતી. જેમાં ભાવિકોએ નિયાણી પરિવારો સહિત મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લિધો હતો.

સવારના માતાજીની સ્થાપના કર્યા બાદ નવચંડી યજ્ઞ-ભક્તિ સંગીત-પહેડી પ્રસાદ આદિ કાર્યક્રમ થયા.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

બપોરે રંગોળી તથા ગહૂંલી હરિફાઈ પછી તપસ્વી બહુમાન અને સરસ્વતી બહુમાન થયા હતા.

આ કાર્યક્રમોમાં મુખ્ય અતિથી તરીકે ભૂતપૂર્વ ઈન્કમટેક્સ કમિશનર તિલકચંદ લોડાયા તેમજ અતિથી વિશેષ તરીકે માજી મહાજન પ્રમુખ હીરાચંદ પટેલ અને દિપેશ લહેરચંદ ડાઘા ઉપસ્થિત હતા. મુખ્ય અતીથી તિલકચંદ લોડાયાએ સરસ્વતી સન્માનના સૂચિતાર્થે પ્રગટ કરતાં સરસ્વતી માતાના અને લક્ષ્મીજી ના ચિત્રમાં કઈ બાબત સાનું પ્રતિનિધિત્વ કરે છે તેની રસપ્રદ સમજ આપી હતી.

કાર્યક્રમનું સંચાલન જયંત છેડા અને જે.કે.શાહે કર્યું હતું. હરિફાઈના નિર્ણાયક તરીકે કુસુમબેન મેપાણી અને પ્રેમીલાબેન નાગડાએ સેવા આપી હતી.

પ્રસંગોની ફોટોગ્રાફી કમલેશ છેડાએ કરી હતી. ભક્તિ સંગીત જે. કે.શાહે પ્રસ્તુત કર્યું. આયોજનને સફળ બનાવવા માટે દામજીભાઈ છેડા, માણેકજી છેડા, નરેશ છેડા, શાંતિલાલ છેડા, ઉમેશ છેડા, કુમાર છેડા, મેહુલ છેડા, નિર્મલ છેડા, ભરત છેડા, પ્રવીણ છેડા, પરેશ છેડાએ ખાસ જહેમત લીધી હતી.

નલીયામાં બલારા દાદાનું ભવ્ય સ્થાનક બનશે છેડા કુળના અંબા માતાજીની પહેડીમાં લેવાયેલા નિર્ણય પ્રમાણૈ નલીયા મધ્યે આવેલા માતાજીના મંદિરના પ્રાંગણમાં ભલારા દાદાનું ભવ્ય મંદિર નિર્માણ કરવામાં આવશે.

## ગોસર પરિવાર નવરાત્રી મહોત્સવ

ભદ્રેશ્વર તીર્થ મધ્યે બિરાજમાન ગોસર નુખના કુળદેવી શ્રી આશાપુરામાંના આસોસુદ આઠમને તા. ૧૨.૧૦.૨૦૧૩ના રોજ શનિવારે સવારના શુભ મુહુર્તે શ્રી આસાપુરા માંના મંદિર ની ધ્વજ અને નૈવેદ ખુબજ હર્ષોઉલ્લાસ થી કરેલ, કુલ ૩૮ પરિવારે નવરાત્રી ના નૈવેદ સંઘ સાથે કરેલ.

આસોસુદ નોમના બારોઈ ગામે શ્રી પુડ્સાદાદાની સમૂહ પહેડી કરેલ અને ગોએરસમાં ગામે શ્રી જખબોતેરા દાદાને વંદન અને શ્રી સગત માતાની સમૂહ પહેડી કરેલ. આસોસુદ નોમના સુનીલભાઈ શામજીભાઈ ગોસર પરિવારે લીધેલ અને વાહન વ્યવસ્થા સંઘ તર્ફે રાખવામાં આવેલ.

## શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ - મુંબઈ

કાર્તકી પૂનમના પુ.સા.શ્રી જય રેખાશ્રીજી મ.સા. આદી ઠાણાની નિશ્રામાં શ્રી શત્રુંજય મહાતીર્થને ૧૦૮ ખમાસણા ૩૦૦ ભાવિકો દ્વારા વિધિપુર્વક આપવામાં આવ્યા. ખમાસણા બાદ ભાતાનો લાભ માતુશ્રી દેવકાબેન ભાણજી મેઘજી લોડાયા (દલતુંગી) પરિવારે લીધેલ. આ ઉપરાંત રૂા. ૭૦/- ની રોકડ પ્રભાવના થયેલ.

## શ્રી લાલાતીર્થે સચ્ચાઈમાંની પ્રથમ ધ્વજા


શ્રી લાલાતીર્થે શ્રી સચ્ચાઈમાંના દંડ પરિવારના ભાવિકોએ પ્રથમ ધ્વજારોહણ ઉત્સવ કારતક સુદ - ૮ તા. ૧૦.૧૧.૧૩ રવિવારના ઉજવેલ. ભાવિકો સારી સંખ્યામાં (લગભગ ૩૫ જણા) મુંબઈ - વેરાવળ - વડોદરા - ઈન્દોર થી પધારેલ.

આ શુભ પ્રસંગના લાભાર્થી પરિવારો હતા. શ્રીમતી મધુરીબેન નવીન હીરજી દંડ - વેરાવળ અને શ્રીમતી મધુરીબેન હીરાચંદ નરશી દંડ મુલુન્ડ.

## શ્રી પદમમુક્તિ વાત્સલય નિધી ટ્રસ્ટ (ચાલિસગામ)

શ્રી પદમમુક્તિ વાત્સલય નિધી ટ્રસ્ટ (ચાલિસગામ) દ્વારા દર બુધવારે ચાલીસગામ મધ્યે ગરીબોને ભોજન કરાવવાનું કાર્ય ચાલે છે. તેમજ પાચોરા મધ્યે દર શનિવારે ભોજન કરાવવાનું કાર્ય ચાલુ છે.


પાચોરાના દાતા : મેઘજી જીવરાજ લોડાયા હસ્તે ચંદ્રકાત મેઘજી - પાચોરા, મયુર લહેરચંદ નાગડા હસ્તે રેખા લહેરચંદ - અમેરીકા, લહેરચંદ દામજી નાગડા - અમેરીકા, રેખાબેન લહેરચંદ નાગડા - અમેરીકા, ચંદ્રકાંત મેઘજી લોડાયા - પાચોરા, મિત પિયુશ લાલકા - ડોમ્બિવલી, મનિષા અભય લોડાયા હસ્તે ગિરીષ પ્રતાપ લોડાયા - પાચોરા.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

# આગામી કાર્યક્રમો

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ મુંબઈ

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘના વાર્ષિકોત્સવ નિમિતે સાંસ્કૃતીક કાર્યક્રમનું આયોજન ૧૯મી જન્યુઆરી ૨૦૧૪ના રાખવામાં આવેલ છે. તેમાં નૃત્ય, નાટિકા, ફેશન શો અને ઈનામ વિતરણ જેવા કાર્યક્રમ આયોજીત છે.

જ્ઞાતિના યુવાઓ ભાગ લેવા ઈચ્છુક હોય તો નીચે મુજબ કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી. નૃત્ય : લબ્ધી નિરેન લોડાયા : ૯૭૫૭૨૯૬૭૪૦, નાટિકા : હેમીલ જયેશ દંડ મો. ૯૮૧૯૯૮૫૩૩૯, ફેશન શો : ઉર્મીન જયેશ લોડાયા મો. ૯૧૬૭૦૬૦૦૪૩

નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૧૫ ડિસેંબર ૨૦૧૩ છે. નાટિકા અને ફેશન શો માટે નીચે મુજબ માથી એક વિષય લેવા વિનંતી.

નાટિકાઃ 1. Women Abuse, 2. Parent Children Relation, 3. Child Labour, 4. Global Warming, 5. Terror Attack, 6. Generation Change, 7. Jivdaya ફેશન શો થીમ : 1. Woman Abuse, 2. Global Warming, 3. Terror Attack 4. Generation Change, 5. Unity. ૨૨મી ડિસેંમ્બરના ઓડિશન્સ હશે તેની નોંધ લેવા વિનંતી. વધુ સામજિક વિષય આવકાર્ય.

ધોરણ ૧૦,૧૨, ગ્રેજ્યએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડીપ્લોમાં અને વિશેષ ડિગ્રીના સર્વે વિદ્યાર્થી ઓને વિનંતી છે કે તેઓ પોતાની માર્કશીટ ની ઝેરોક્સ કૉપી શ્રી સંઘના કાર્યકર્તાઓ પાસે ૧૪મી ડિસેંબર સુધી જમા કરાવવા વિનંતી. વધુ વગત માટે સંપક કરો : ઉર્મીન જયેશ લોડાયા મો. મો. ૯૧૬૭૦૬૦૦૪૩ ઉર્વી નિરેન લોડાયા મો. ૯૭૫૭૪૨૨૮૮૦


**વજન + ફુલેલું પેટ ઘટાડો આડઅસર વગર**
**સંપર્ક : ઉષા બેન મો. ૯૮૬૯૪૪૭૮૫૮**

ઘરેબેઠા, કસરત, પરેજી વગર મહિનામાં ૪થીપ કિલો વજન ઘટાડો + થાઈરોડથી - ડિલીવરી પછીનો પેટનો ઘેરાવો, કમર, હાથ-પગની ચરબીનો ભાગ ઘટાડી શરીરને સુંદર + નિરોગી બનાવો (વજન, પાછું વધતુંનથી) સોજા, હાથ - પગ ઘુંટણનો દુખાવો, ચામડી કાળી પડવી ખરજવું, વાળ ખરવા, ખોડો સફેદ અટકાવી વધારો, બાળકો ભણવામાં નબળા, હાઈટ ઓછી, શરીર નબળું ભૂખ ન લાગવી વગેરે તકલીફો દૂર કરી બાળકોને નિરોગી + શરીરને પૂષ્ટ બનાવો વધુ વિગત.


## શ્રી ભલારા દાદા ભાવિક ગ્રુપ - વરંડી મોટી

શ્રી ભલારા દાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના મોટી વરંડી સ્થાનકે ધ્વજા મહોત્સવ તા. ૯.૧૨.૨૦૧૩ને શનિવારના રોજ વિજય મુર્હુતે ઊજવાશે.

મુંબઈ પહેડી પ્રસંગે અપાયેલ આદેશ મુજબ શિખરની ધ્વજા શેઠશ્રી કલ્યાણજી ભાણજી લોડાયા (વરડીં) તેમજ ઘુમ્મટની ધ્વજા માતુશ્રી તારાબાઈ કલ્યાણજી લોડાયા (મંજલ) પરિવારના સભ્યો દ્વારા ચડાવવામાં આવશે.

ભાવિકો કચ્છ એક્સપ્રેસ દ્વારા તા. ૫.૧૨.૧૩ને ગુરુવારે રવાના થશે. આ પ્રસંગે પધારવા ઈચ્છુકો ભાવિકો અગાઉથી નામ નોંધાવે. જેથી સ્થાનકે વ્યવસ્થા કરવામાં સુગમતા રહેશે. સંપર્ક શ્રી મણીલાલ ડી. શાહ - ૯૩૨૨૨૭૬૨૯૬, રમેશ હીરજી લોડાયા મો. ૯૮૯૨૦૦૩૯૪૦ તથા શ્રી અનિશ દિનેશ લોડાયા મો. ૯૮૩૩૫૧૧૬૮૫

## શ્રીજી વાર્ષિક શ્રધ્ધાંજલિ




અરિહંતશરણ :
તા. ૬.૧૨.૨૦૧૦

### સ્વ. ચિમનલાલ ધનજી ધરમશી

**ભુલ્યા નથી, ભુલાશે પણ નહીં તમને**
**ભૂલી જવાય જગ ભલે, આપની યાદ અમર રહેશે પળ પળ,**

કુટુંબ વાત્સલ્ય અને કાર્ય કુશળતા આજે પણ અમારા સૌ માટે
પ્રેરણા દાયક રહેશે, આપના આશીર્વાદ અમારા પર સદા બરસ્તા રહે,
પ્રભૂ આપના આત્મા ને પરમ શાંતિ આપે એજ પ્રેમ ભર્યા વદન આપને.

| | |
|---|---|
| ધર્મ પત્ની | : કાશ્મીરા ચિમનલાલ ધરમશી (અંબરનાથ) |
| પુત્ર-પુત્રવધુ | : અ.સૌ. મિનલ પારસ ધરમશી |
| પુત્રી - જમાઈ | : રિટા દિનેશ સત્રા, યામીની નિલેશ લોડાયા |
| માતુશ્રી | : રતનબાઈ ધનજી ધરમશી |
| માતુશ્રી | : ધનભાઈ ઉમરશી ધરમશી |
| માતુશ્રી | : ચંદનબાઈ નિવિનચંદ્ર ઠાકરશી ધરમશી |
| | સર્વ પરિવાર |

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **બંકીમચંદ વેલજી લાલકા** | ૧૭૦૩ તક્ષશિલા એપાર્ટમેન્ટ, નિર્મલ નગર, ડી-માર્ટ પાસે, મુલુડ લિંક રોડ, મુલુંડ વે, મું - ૮૦ |
| **પુષ્કર ડી. મોમાયા** | એ-૧૧૦૨, સર્વોદય હાઈટસ, સર્વોદય નગર, મુલુંડ વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૮૦. |
| **વિપુલ એસ. મોમાયા** | ૫૦૫, શિતલ એપાર્ટમેન્ટ, સર્વોદય નગર, મુલુંડ વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૮૦. |
| **રતીલાલ હેમરાજ મોમાયા** | શરથ ચંદ્ર રેસીડેન્સી, નં. ૧૧/૩, પહેલે માળે, ૩ કાટ્ટરી ગુપ્પી, મેન રોડ, શ્રીનીવાસ નગર, બેંગલોર, ૫૬૦૦૮૫. |
| **હંસા મધુકાંત દંડ** | વેલામની એપાર્ટમેન્ટ, બી-૪, વૃદાંવન સોસાયટી, ન્યુ સમારોડ, વડોદરા ૩૯૦૦૨૪ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **બંકીમચંદ વેલજી લાલકા મુલુંડ** | 9320020098 | **પ્રતિભા હંસકુમાર લોડાયા વડોદરા** | 09328964353<br>09408353865 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૦૮.૧૩ | વડાલા | વિહાન - મિતાલી/હિમાંશુ દિવાન મેપાની (નાગડા) પરજાઉ | | પુત્ર |
| ૨૮.૦૯.૧૩ | મુલુંડ | કીયાન - સેજલ/ધર્મેશ જયચંદલ લોડાયા | મુલુંડ | પુત્ર |
| ૦૭.૧૦.૧૩ | થાણે નાગપુર | રવ્યા- તન્વી મંયક મુકેશ શાહ (મૈશેરી) | જખૌ | પુત્રી |
| ૧૬.૧૧.૧૩ | ડોમ્બિંવલી | અર્હમ- મોનીકા/મહેન્દ્ર રાયચંદ લોડાયા | દલતુંગી | પુત્ર |
| ૨૩.૧૧.૧૩ | મુલુંડ- અમેરીકા | હેતાંશી- જીનલ/કુનાલ મહેન્દ્ર મોમાયા | વરાડીયા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૧૧.૧૩ | ગદગ | મિત સતિશ લુઠીયા | નાનીખાવડી | ૨૪ |
| | મુલુંડ | શિખા પ્રદિપ લાપશીયા | કોઠારા | ૨૪ |
| ૨૬.૧૧.૧૩ | ઘાટકોપર | ભાવેશ અરવિંદ લાલજી મુનવર | જખૌ | ૩૦ |
| | મુલુંડ-લંડન | શિલ્પા ચંદ્રકાંત ઉમરશી મૈશેરી (પિપરમીટવાલા) | સાંધાણ | ૩૦ |

### સગપણ છુટું થયું

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૧૧.૧૩ | રાજકોટ | ગૌતમ તેજકુમાર શામજી નાગડા | નલીયા | - |
| | આદિપુર | પાયલ પંકજ ઠાકરશી લોડાયા | વારાપધર | - |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૧૧.૧૩ | ડોમ્બિવલી | નિખીલ વિરેશ ભવાનજી મોમાયા | નલીયા | ૩૨ |
| | મુલુંન્ડ | ખૂશબુ હર્ષદ શનિલાલ દંડ | સુથરી | ૨૯ |

### આતંર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૧૧.૧૩ | મુલંન્ડ | દિપેશ શાંતિલાલ લાલજી છેડા | નલિયા | ૩૧ |
| | ઈન્દૌર | પિયુશા મનોહરલાલ જૈન | ઈન્દૌર | ૨૯ |
| ૨૧.૧૧.૧૩ | આદિપુર | નેવીલ ઉપેન પદમશી લોડાયા | નલિયા | ૨૫ |
| | ગાંધિધામ | ફાલ્વી મેહુલ મોદી | પાલનપુર | ૨૪ |

### છુટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| - | બિજાપુર | ભાવિક જયચંદ વેરશી મુનવર | જખૌ | ૨૬ |
| | ભાંડૂપ | નેહા રમેશ વિસનજી લોડાયા | બાંઢીયા | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૧૧.૧૩ | ડોંબિવલી | ગિરિષ શામજી ટોકરશી શિયાડ (ભાટે) | જખૌ | ૮૨ |
| ૨૩.૧૧.૧૩ | બેંગલોર | જયચંદ પુનશી કુવરજી નાગડા | જખૌ | ૭૩ |
| ૨૪.૧૧.૧૩ | વડોદરા | હેમેન્દ્ર દેવશી હીરજી મોમાયા | સુથરી | ૬૧ |
| ૨૪.૧૧.૧૩ | દેલવાડા-ઉદયપુર | પ્રવિણાબેન મણિલાલ ધનજી ડાઘા | ગોએરસમા | ૬૩ |

# હાર્દિક અભિનંદન - હાર્દિક શુભેચ્છા

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના પ્રમુખના પદ પર બીરાજમાન થવાનું ગૌરવ



### શ્રીમાન શામજી નરશી દંડ

(સાંધવ-કચ્છ) મુલુન્ડ-મુંબઈ

શામજીભાઈ હંમેશા ગચ્છ-ગુરૂ અને જૈન શાસન (અચલગચ્છ) ને વફાદાર અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા જેવી કે ગુણ પાર્શ્વનાથ જૈન તીર્થ દેઢીયા-દંતાણી તીર્થ, શંખેશ્વર કચ્છી ભવન તેમજ સાંધવ મહાજન અને અન્ય અનેક નાની મોટી સંસ્થાઓમાં જોડાયેલા છે.

ગુરૂ-ગચ્છ ને જૈન શાસનના ગૌરવરૂપ અનેક સુકૃત એમના હાથે થયેલ છે. દાનની ગંગા હંમેશા વહેતી રાખનાર એવા સંઘવી સંઘરત્ન શ્રી શામજી નરશી દંડ ફરી સમાજની સેવાર્થે એક ડગલુ આગળ વધી ''અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ'' ના ''પ્રમુખ'' પદે બિરાજમાન થયા એ બદલ હાર્દિક અભિનંદન.

❁ આપના શુભેચ્છકો ❁

**માતુશ્રી લક્ષ્મીબેન નરશી ચત્રભુજ દંડ પરિવાર**

માતુશ્રી લક્ષ્મીબેન વેલજી ધરમશી પરિવાર

શા. વિનોદ વિરચંદ ડાઘા પરિવાર

શા. વિરચંદ નરશી સોની પરિવાર

શા. ચંદ્રકાંત લધુભાઈ લોડાયા પરિવાર

# અભિનંદન. અભિનંદન.. અભિનંદન...

## જ્ઞાતિ ગૌરવ

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના પ્રમુખ પદ પર આપની માનભેર વરણી થયા બદલ ...



સુશ્રાવક શ્રી શામજી નરશી દંડ
(સાંધવ-મુલુન્ડ)

આપણા દરેકની અંદર શક્તિનો મહાસાગર હોય છે. પણ જરૂર છે આપણા દૃષ્ટિકોનનું હકારાત્મક હોવું, મનોબળ મજબૂત હોવું, પ્રબળ ઈચ્છાશક્તિ હોવી પછી કોઈપણ કાર્ય અવશ્ય પાર પાડી શકાય છે. ગચ્છ ઉત્કર્ષના કાર્યોમાં આપ સમર્પિત રહો.

અમો પરિવારજનો તથા જ્ઞાતિજનો ખૂબ ખૂબ ગૌરવ અનુભવીએ છીએ અને આપને અભિનંદન પાઠવીએ છીએ. ગુરુભગવંતોના આશિષ તથા આપના વડિલોના ઉત્તમ સંસ્કારોથી આપ આપના ગચ્છના શિરમોર બન્યા છો. આપ આ કાર્યને બહુજ સુવિધિત રૂપે પાર પાડશો અને સમગ્ર અચલગચ્છનું નામ રોશન કરશો એવી અમારા સૌ વતી પ્રભુ પાસે પ્રાર્થના...

❁ આપના શુભેચ્છકો ❁

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન સાંધવના ટ્રસ્ટીગણ**

# હાર્દિક અભિનંદન



## શ્રી શામજી નરશીભાઈ દંડ

**પ્રમુખશ્રી, શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ**
**(સાંધવ, હાલે મુલુન્ડ-મુંબઈ)**

આપશ્રીની ઉપરોક્ત ગૌરવવંતા પદે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.
સામાજિક, ધાર્મિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છા.

*Best Compliments from :*

**Jash Mercantile LLP**

# હાર્દિક અભિનંદન



**શ્રી કલ્પેશ માણેકજી મોતા**

માનદમંત્રી, શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ
(રાપરગઢવારી, હાલે ઘાટકોપર-મુંબઈ)

આપશ્રીની ઉપરોક્ત ગૌરવવંતા પદે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.
સામાજિક, ધાર્મિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છા.

*Best Compliments from :*

**Jash Mercantile LLP**

# શ્રદ્ધાંજલી



આગમન : તા. ૧૫.૦૧.૧૯૪૦

વિદાય : તા. ૨૦.૧૧.૨૦૧૩

વ્હાલા વડીલ બંધુ ને

પ્રેમભરી શ્રદ્ધાંજલી.

જેમના નયનો માંથી શાંતિના સત્યના સ્ત્રોત ઝરે એવા વડીલ બંધુ....

**શ્રી ભોજરાજ ભવાનજી નાગડા - રાપરગઢવારી**

અમારા વડીલ સ્નેહી બંધુને આદરાંજલી.

આપ જ્યાં હો ત્યાંથી અમારા પર આશિષોની

અમીધારા વરસતા રહેજો.

શ્રદ્ધાંજલી અર્પણ કરનાર

કલ્પેશ / હીતેશ / નિલેશ માણેકજી મોતા પરિવાર
(રાપરગઢવારી)

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ı day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# સાંધવનું ગૌરવ શ્રી શામજીભાઈ, હવે અચલગચ્છના સુકાની!!

## હાર્દિક અભિનંદન







(સાંધવ) (મુંલુડ)

**શ્રી શામજી નરશી દંડ**

શ્રી સાંધવ ક.દ.ઓ. જૈન મહાજનના પ્રમુખ શ્રી શામજી નરશી દંડ ગામના લોકલાડીલા આગેવાન હોવા સાથે ગામનું ગૌરવ છે. તેમણે શ્રી અખીલ ભારત અચલગચ્છ (વિધી પક્ષ) શ્વેતાંબર જૈન સંઘનું પ્રમુખ પદ સર્વાનુમતે મેળવી સાંધવ ગામનું ગૌરવ વધાર્યુ તે બદલ ખુબ-ખુબ અભિનંદન !!!

શ્રી શામજીભાઈએ પ્રમુખપદ ગ્રહણ કરતાજ ગચ્છના સૌ ફિરકાઓની એકતાની વાત કરીછે તેમના અચલગચ્છના પ્રમુખપદની મુદતની વાતો ગચ્છના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય તેવી શુભકામના....

**સ્વાશ્રયથી ઘડી પ્રશંસનીય વ્યવસાયિક કારકિર્દી... હવે દેવગુરુ પસાયે ઘડો શ્રેષ્ઠ ધર્મ કારકિર્દી!!**
**હંમેશા ઊંચુ રહે સાંધવ ગામ અને આપનું નામ... ચારેતરફ પ્રસરે આપની ઉજ્જવલ પ્રસિધ્ધિ!!!**

**માતુશ્રી ગંગાબાઈ રામજી લોડાયા પરિવાર** ★ **દિનેશ રામજી લોડાયા (સાંધવ)**
**માતુશ્રી લક્ષ્મીબેન નરશી દંડ પરિવાર** ★ **ઉત્તમ ભવાનજી દંડ (સાંધવ)**

Dinesh Lodaya
Mob : 9820327977
Rel : 9320327977



DINESH
ROADLINES
TRANSPORT CONTRACTORS
&
COMMISSION AGENT
118, New Anant Bhavan, 1st Flr., 257/65, N. N St., Bhat Bazar, Mumbai - 9
Phone : 2375 1240/2370 4328/29 R. : 25633108/21630211
E-mail : dinesh.roadlines@gmail.com

TEL. : 2370 3671
6528 5212
FAX : 2370 3674
RESI. : 2563 5335
Email : isa@vsnl.com

Uttam Dand
CELL : 98203 35967

Laxmi Shipping Agency
CLEARING, FORWARDING & SHIPPING AGENTS
ROOM NO. 216, 2ND FLR., NEW ANANT BHUVAN,
257/265, N. N. STREET, MASJID, MUMBAI-400 009

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**